ફ્લિન્ટ ગ્રુપ દ્વારા છેલ્લા ૬ વર્ષમાં ૩ કરોડથી વધુનું અનુદાન

ગોત્રી GMERS હોસ્પિટલના આધુનિકીકરણની દિશામાં મોટું પગલું, ૧ કરોડના સાધનોની દરખાસ્ત

હવે સ્પાઇન એન્ડોસ્કોપી અને જોઈન્ટ આર્થરોસ્કોપી જેવી જટિલ સારવાર વડોદરામાં જ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ બનશે

(પ્રતિનિધી) વડોદરા, તા.19

વડોદરાના ગોત્રી સ્થિત GMERS મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા સામાન્ય અને જટિલ રોગોના દર્દીઓને વધુ સચોટ, ગુણવત્તાસભર અને અત્યાધુનિક સારવાર પૂરી પાડવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. અનુપ ચદાણીના સક્રિય અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પ્રયાસોને પરિણામે, હોસ્પિટલને તબીબી સાધનોના અનુદાનમાં સતત સહયોગ આપતી અગ્રણી બહુરાષ્ટ્રીય કંપની ફ્લિન્ટ ગ્રુપના ઉચ્ચસ્તરીય વિદેશી પ્રતિનિધિ મંડળે તાજેતરમાં હોસ્પિટલની સત્તાવાર મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં અગાઉ આપવામાં આવેલા સાધનોની કામગીરી અને ઉપયોગિતાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અને માનવતાવાદી અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા ફ્લિન્ટ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર (ઇન્ડિયા, આફ્રિકા એન્ડ મિડલ ઈસ્ટ) ઉપલ રોય તથા સીઈઓ એન્ડ પ્રેસિડેન્ટ પેકેજિંગ ઇંક્સ યુરોપ, ઇન્ડિયા, આફ્રિકા એન્ડ મિડલ ઈસ્ટ હાઈનર ક્લોકર્સના કુશળ નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ની કપરી કોવિડ મહામારીથી લઈને વર્ષ ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન હોસ્પિટલને તબક્કાવાર અનેક આધુનિક ઉપકરણો ભેટ આપવામાં આવ્યા છે. છ વર્ષના આ દીર્ઘકાલીન સહયોગ દરમિયાન કંપની દ્વારા આશરે ૩ કરોડ રૂપિયાની કિંમતના અત્યાધુનિક મશીનો અને સાધનો કાર્યરત કરવામાં આવ્યા છે. કોવિડ-૧૯ સમયગાળામાં દર્દીઓના જીવન રક્ષણ માટે ખાસ ICU બેડ્સ, ડેન્ટલ વિભાગ માટે આધુનિક ડેન્ટલ ચેર અને ડેન્ટલ ઈમ્પ્લાન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, બેડ સાઈડ તપાસ માટે પોર્ટેબલ સોનોગ્રાફી મશીન, તેમજ રેડિયોલોજી વિભાગનો રિપોર્ટિંગ સમય ઘટાડવા માટે ડિજિટલ એક્સ-રે સિસ્ટમ પૂરી પાડવામાં આવી છે.

વડોદરા-દાહોદ MEMU ટ્રેન આજે રદ રહેશે, ટેકનિકલ ખામીના કારણે સેવા સ્થગિત કરાઈ

વડોદરા : રેલવે દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ 19 ઓગસ્ટના રોજ ટ્રેન નંબર 69119 વડોદરા-દાહોદ મેમુ રદ રહી હતી. જ્યારે આજે 20 ઓગસ્ટના રોજ પણ ટ્રેન નંબર 69120 દાહોદ-વડોદરા મેમુ દોડશે નહીં. વડોદરા-દાહોદ રૂટ પર રોજિંદા હજારો લોકો નોકરી, અભ્યાસ અને અન્ય કામ માટે મેમુ ટ્રેનનો ઉપયોગ કરે છે. અચાનક ટ્રેન રદ્દ થતા મુસાફરોને ભારે અગવડનો સામનો કરવો પડશે. ખાસ કરીને ઓફિસ જનારા અને કોલેજના વિદ્યાર્થીઓને વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે ટેકનિકલ કારણોસર સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સેવા કામચલાઉ ધોરણે જ બંધ રાખવામાં આવી છે અને ખામી દૂર થતાં જ પુનઃ શરૂ કરવામાં આવશે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાની મુસાફરીનું આયોજન અગાઉથી કરી લે. મુસાફરોને થતી અગવડ બદલ રેલવે તંત્રએ ખેદ પણ વ્યક્ત કર્યો છે.

૧૦૮ ઇમરજન્સીના જવાનોએ CPR આપી જીવ બચાવ્યો

ગોત્રીમાં પ્રિયા સિનેમા પાસે રસ્તે ચાલતા વૃદ્ધ અચાનક ઢળી પડ્યા

છાતીમાં તીવ્ર દુખાવો ઉપડતા વૃદ્ધ બેભાન થયા, સ્થાનિકોની સજાગતા અને ૧૦૮ની ત્વરિત કામગીરીથી નવજીવન મળ્યું,

(પ્રતિનિધી) વડોદરા, તા.19

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી પ્રિયા સિનેમા નજીકના મુખ્ય માર્ગ પર એક સંવેદનશીલ અને માનવતાપ્રદ ઘટના સામે આવી છે. માર્ગ પરથી પસાર થઈ રહેલા એક વયસ્ક નાગરિકને અચાનક છાતીમાં અસહ્ય દુખાવો ઉપડતા તેઓ રસ્તા પર જ ઢળી પડ્યા હતા. જેને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઇમરજન્સી સેવા ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ની ટીમના કર્મચારીઓએ સ્થળ પર પહોંચી તાત્કાલિક સીપીઆર આપીને વૃદ્ધનો જીવ બચાવી લેતા તેમને નવજીવન સાંપડ્યું છે. મળતી વિગતો અનુસાર, ગોત્રી વિસ્તારમાં આવેલ પ્રિયા સિનેમા પાસેના માર્ગ પરથી એક આધેડ વૃદ્ધ ચાલતા પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ તેમની તબિયત લથડી હતી અને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડતાં તેઓ રોડ પર જ બેભાન થઈને ઢળી પડ્યા હતા. આ દ્રશ્ય જોઈ આસપાસથી પસાર થતા લોકો અને સ્થાનિકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. નાગરિકોએ સમય સૂચકતા વાપરીને તુરંત જ ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને કૉલ કરીને ઘટના અંગે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ૧૦૮ની ટીમ મિનિટોમાં જ સ્થળ પર દોડી આવી હતી. એમ્બ્યુલન્સમાં આવેલી ટીમના મહિલા કર્મચારી તથા અન્ય જવાનોએ દર્દીની સ્થિતિ તપાસી સમય બગાડ્યા વિના તુરંત જ રસ્તા પર જ પ્રાથમિક સારવાર રૂપે સીપીઆર આપવાનું શરૂ કર્યું હતું. ૧૦૮ના કર્મચારીઓ દ્વારા આપવામાં આવેલા સતત પ્રયાસો અને સીપીઆરના કારણે વૃદ્ધના શ્વાસ પુનઃ શરૂ થવામાં મદદ મળી હતી. ત્યારબાદ ૧૦૮ની ટીમ દ્વારા વૃદ્ધને વધુ અને ગહન સારવાર માટે તાત્કાલિક ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

વિવિધ ફેકલ્ટીઓમાંથી કુલ 85 નવા સંશોધકોએ ભાગ લીધો

એમએસયુમાં નવપ્રવેશિત પીએચ.ડી. વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ

(પ્રતિનિધિ)વડોદરા,તા.19

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા નવપ્રવેશિત પીએચ.ડી. વિદ્યાર્થીઓ માટે સામાન્ય અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓમાંથી કુલ 85 નવા સંશોધકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સંશોધન વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના શૈક્ષણિક માળખા, પીએચ.ડી.ના નિયમો, ગ્રંથાલયના સંસાધનો અને સંશોધન માટે ઉપલબ્ધ સુવિધાઓથી પરિચિત કરાવવાનો હતો. કાર્યક્રમમાં પીએચ.ડી. પ્રોગ્રામના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી પ્રો. કરણમ પુષ્પનાધમએ નવા સંશોધકોને PURE મંત્ર આપ્યો હતો. P - Passion U - Unique, R - Resilient, E - Ethical એટલે કે ઉત્સાહ, વિશિષ્ટતા, અડગતા અને નૈતિકતા. તેમણે સંશોધકોને વિષય પ્રત્યેની લગન, મૌલિક વિચારો અને સંશોધનમાં પ્રામાણિકતા જાળવવા પ્રેરિત કર્યા. કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભાણગે એ સંશોધકોને યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવતા સંસાધનો અને સહાય અંગે માહિતી આપી. તેમણે કહ્યું કે યુનિવર્સિટી સંશોધન માટે સક્ષમ વાતાવરણ પૂરું પાડે છે. મુખ્ય ગ્રંથપાલ પ્રો. મયંક ત્રિવેદી એ હંસા મહેતા લાઈબ્રેરીના ઇ-સંસાધનો અને શૈક્ષણિક સેવાઓનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો.

વડોદરામાં મૂકબધિર બાળકોએ જાતે બનાવેલી રાખડીનો સ્ટોલ ઉભો કર્યો

વડોદરા : પવિત્ર રક્ષાબંધનના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વડોદરા શહેરમાં એક અત્યંત પ્રેરણાદાયી અને ભાવુક દ્રશ્ય જોવા મળ્યું હતું. દિવાળીપુરા સ્થિત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કારેલીબાગ વિસ્તારમાં આવેલી મૂકબધિર શાળાના ધોરણ ૪ અને ૫ માં અભ્યાસ કરતા ભૂલકાઓએ જિલ્લા કલેક્ટરને પોતાના હસ્તે બનાવેલી સુંદર રાખડીઓ બાંધીને અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. શાળાના આ વિશેષ બાળકોએ કોઈની પણ મદદ વગર, પોતાની કલ્પનાશક્તિ અને સખત પરિશ્રમથી અનોખી રાખડીઓ તૈયાર કરી છે.

અમૃત ભારત યોજનાના કામો અને સંચાલન વ્યવસ્થાનો તાગ મેળવ્યો

પ.રે.ના મંડલ રેલ પ્રબંધકે પ્રતાપનગર-જોબટ રેલખંડનું નિરીક્ષણ કર્યું

(પ્રતિનિધી) વડોદરા, તા.19

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક રાજુ ભડકેએ પ્રતાપનગર-અલીરાજપુર-જોબટ રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે રેલખંડના વિવિધ સ્ટેશનો પર સ્ટેશન પરિસર, મુસાફર સુવિધાઓ, આધારભૂત માળખું અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને વ્યવસ્થાઓમાં જરૂરી સુધારા કરવા માટે સૂચનાઓ પણ આપી હતી. નિરીક્ષણ દરમિયાન મંડલ રેલ પ્રબંધકે જણાવ્યું કે સુરક્ષિત, સુચારુ અને મુસાફર કેન્દ્રિત રેલ સેવાઓ પૂરી પાડવી એ વડોદરા મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે નિયમિત નિરીક્ષણો દ્વારા જમીન સ્તરે વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવે છે, જેથી જરૂરી સુધારાઓ સમયબદ્ધ રીતે લાગુ કરીને મુસાફરોને વધુ સારી સુવિધાઓ આપી શકાય. તેઓએ સૌપ્રથમ વરિષ્ઠ મંડળ અધિકારીઓ સાથે ડભોઈ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું.

અહીં તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત ચાલી રહેલા વિવિધ આધારભૂત માળખા અને વિકાસ કાર્યોની સમીક્ષા કરી. તેમણે અધિકારીઓને સૂચના આપી કે તમામ કામો નિર્ધારિત સમય મર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ કરવામાં આવે અને તેની નિયમિત દેખરેખ રાખવામાં આવે.

કેમેરાના લેન્સથી દુનિયાને જોવાનો અદભુત દ્રષ્ટિકોણ, કીર્તિ મંદિર સ્થિત આકૃતિ આર્ટ ગેલેરી ખાતે વડોદરાના ફોટો જર્નાલિસ્ટ્સના ૧૩મા ફોટો પ્રદર્શનની ઝાંખી

વડોદરા : કેમેરાના લેન્સથી દુનિયાને જોવાનો અદભુત દ્રષ્ટિકોણ, કીર્તિ મંદિર સ્થિત આકૃતિ આર્ટ ગેલેરી ખાતે વડોદરાના ફોટો જર્નાલિસ્ટ્સની કમાલ દર્શાવતા ૧૩મા ફોટો પ્રદર્શની યોજવામાં આવી છે. જેમાં આ શુભારંભ પ્રસંગે વડોદરાના મહારાજ સમરજીતસિંહ ગાયકવાડ, મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્યભાઈ પટેલ, લતાબેન ગુપ્તા, શિક્ષણ સમિતિના અંજનાબેન ઠક્કર, જલેન્દુભાઈ પાઠક, ઇસ્કોન મંદિરના સ્વામી નિત્યાનંદ મહારાજ, સત્યેન કુલાબકર, હિમાંશુભાઈ પટેલ, એડવોકેટ હિતેશ ગુપ્તા અને કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ ઠાકોર જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

વડોદરામાં કોમી એકતા અને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ

મસ્તાનબાવા દરગાહ કમિટીના તમામ સભ્યોનુ ભવ્ય સન્માન કરવામાં આવ્યું

(પ્રતિનિધી) વડોદરા, તા.19

વડોદરા શહેરના કોમી એકતા અને સદભાવનાના પ્રતીક સમાન જૂનીગઢી સ્થિત મસ્તાનબાવા દરગાહ કમિટી દ્વારા છેલ્લા લાંબા સમયથી માનવસેવાના અનેક ઉત્કૃષ્ટ કાર્યો કરવામાં આવી રહ્યા છે. મસ્તાનબાવા દરગાહ કમિટીના તમામ સભ્યો તથા ધાર્મિક ભાઈ સોની અને કમિટી ના પ્રમુખશ્રી અને સેવાભાવી અગ્રણી હાજી દસ્તગીર શેખ (ભોલૂ બાપુ) ના સફળ નેતૃત્વ હેઠળ પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ ના સહયોગથી વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં મફત મેડિકલ કેમ્પનું સતત આયોજન કરવામાં આવે છે, જેનો લાભ શહેરના હજારો જરૂરિયાતમંદ અને ગરીબ નાગરિકો લઈ રહ્યા છે. આ સ્વાસ્થ્ય કેમ્પોમાં માત્ર મફત તબીબી તપાસ અને મફત દવાઓ જ નહીં, પરંતુ ગર્ભવતી મહિલાઓ માટે ફ્રી સોનોગ્રાફી ની સુવિધા અને આંખના મોતિયાથી પીડાતા દર્દીઓ માટે મફત મોતિયાના ઓપરેશન જેવી અત્યંત ઉપયોગી સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે. દરગાહ કમિટીના આ અવિરત અને સરાહનીય સેવાકાર્યોની કદર રૂપે આજે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ, વાઘોડિયા ખાતે એક ખાસ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પારૂલ સેવાશ્રમ હોસ્પિટલના વાઈસ પ્રેસિડેન્ટ ડો. કોમલ પટેલ ત્થા સંચાલકો અને તબીબી ટીમ દ્વારા હાજી દસ્તગીર શેખ (ભોલૂ બાપુ), ધાર્મિક ભાઈ સોની તથા મસ્તાનબાવા દરગાહ કમિટીના તમામ સભ્યોનું સર્ટિફિકેટ અને પુષ્પગુચ્છ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું અને તેમની સેવાભાવનાને બિરદાવી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

MSUની જર્નાલિઝમ ફેકલ્ટીમાં વર્લ્ડ ફોટોગ્રાફી ડેની ઉજવણી

લાઇટ્સ એન્ડ લાઇનેજ થીમ પર ફોટો સ્પર્ધા અને પ્રદર્શન યોજાયું

(પ્રતિનિધી) વડોદરા, તા.19

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશન દ્વારા બુધવારે વર્લ્ડ ફોટોગ્રાફી ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે ફેકલ્ટી ખાતે ફોટોગ્રાફી સ્પર્ધા અને ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષની થીમ લાઇટ્સ એન્ડ લાઇનેજ રાખવામાં આવી હતી. આ થીમ હેઠળ વિદ્યાર્થીઓએ પેઢીગત સંબંધો, પરંપરાગત કારીગરી, વારસામાં મળેલી વસ્તુઓ, આર્કિટેક્ચર, કુટુંબ પરંપરા, સાંસ્કૃતિક ગતિવિધિઓ અને ઇતિહાસને પ્રતિબિંબિત કરતા પોટ્રેટ જેવા વિવિધ વિષયો પર પોતાની તસવીરો રજૂ કરી હતી. સ્પર્ધામાં 36 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સિનિયર મીડિયા પ્રોફેશનલ જોય ફર્નાન્ડિઝ અને મીડિયા એક્સપર્ટ સંજય ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. બંનેએ તસવીરોને ફોટો કંપોઝિશન અને સર્જનાત્મકતાના આધારે જજ કરી હતી. વિજેતાઓને ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે જાણીતા ફોટોગ્રાફર રઘુ રાય પર આધારિત એક ડોક્યુમેન્ટરી પણ દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓના ફોટાનું પ્રદર્શન યોજવામાં આવ્યું, જેને ઉપસ્થિતો દ્વારા બિરદાવવામાં આવ્યું.

'મિશન સ્પંદન' હેઠળ વ્યસનમુક્તિનો સંકલ્પ કાર્યક્રમ યોજાયો

વડોદરા : ભારત સરકારના 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન અને 'મિશન સ્પંદન' અંતર્ગત ૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાનના ભાગરૂપે એમ. એસ. યુનિવર્સિટી, બ્રહ્માકુમારીઝ અટલાદરા તથા નાર્કોટિક્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે સી. સી. મહેતા ઓડિટોરિયમ ખાતે વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં એમ. એસ. યુનિવર્સિટીના આશરે ૯૦૦ વિદ્યાર્થીઓએ વ્યસનથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. રાજમાતા શુભાંગીનીદેવી રાજે ગાયકવાડે જણાવ્યું હતું કે, યુવાનો દેશની શક્તિ છે અને દેશને આગળ વધારવા માટે યુવાધનનું વ્યસનમુક્ત રહેવું અત્યંત જરૂરી છે.

વિજેતાઓને આકર્ષક રોકડ ઇનામ સાથે પ્રમાણપત્ર અપાશે

MSUમાં મહારાજા સયાજીરાવ વાદ-વિવાદ સ્પર્ધાનું આયોજન

(પ્રતિનિધી) વડોદરા, તા.19

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના હિન્દી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે વાદ-વિવાદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. બીઓબીના આર્થિક સહયોગથી યોજાનારી આ સ્પર્ધાનું નામ મહારાજા સયાજીરાવ વાદ-વિવાદ સ્પર્ધા-2026 રાખવામાં આવ્યું છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ કૌશલ્યને પ્રોત્સાહન મળે તે હેતુથી આ સ્પર્ધા યોજાઈ રહી છે. આયોજકોના જણાવ્યા અનુસાર, સ્પર્ધામાં ભાગ લેનાર વિજેતાઓને આકર્ષક રોકડ ઇનામ સાથે પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે. સ્પર્ધા ત્રણ તબક્કામાં યોજાશે. પ્રથમ સ્ક્રીનિંગ રાઉન્ડ 3 સપ્ટેમ્બરે બીઓબી અલકાપુરી સ્થિત હેડ ઓફિસ ખાતે યોજાશે. જેનો વિષય ડિજિટલ યુગમાં પુસ્તક વાંચવાની સંસ્કૃતિ નબળી પડી રહી છે કે કેમ તે રહેશે. ત્યારબાદ 24 સપ્ટેમ્બરે સેમી-ફાઈનલ અને 6 ઓક્ટોબરે ફાઈનલ રાઉન્ડ યોજાશે. આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું કે સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને 11 હજાર રૂપિયા, દ્વિતીયને 7500 અને તૃતીય ક્રમે આવનારને 5100 રૂપિયાનું રોકડ ઇનામ આપવામાં આવશે. ઉપરાંત સેમી-ફાઈનલ અને ફાઈનલ સુધી પહોંચનાર તમામ સહભાગીઓને સહભાગિતાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

વિવાદોનો કાયમી નિકાલ કરવાની સોનેરી તક

વડોદરામાં આગામી ૧૨ સપ્ટેમ્બરે મેગા નેશનલ લોક અદાલત યોજાશે

ફોજદારી, દીવાની, વીજળી-પાણીના બિલ અને ટ્રાફિક ઈ-ચલણના કેસોનું થશે સમાધાન

(પ્રતિનિધી) વડોદરા, તા.19

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વડોદરા દ્વારા આગામી તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ સમગ્ર વડોદરા જિલ્લામાં વર્ષની ત્રીજી મેગા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરીટી અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરીટીના માર્ગદર્શન હેઠળ તેમજ વડોદરાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેનની અધ્યક્ષતામાં આ લોક અદાલત વડોદરા શહેર અને તમામ તાલુકા કોર્ટોમાં યોજાશે. આ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક ગુનાઓ, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના કેસો, નાણાં વસૂલાતના કેસો, મજૂર તકરારના કેસો, વીજળી અને પાણીના બીલ (નોન-કમ્પાઉન્ડેબલ કેસો સિવાયના), લગ્ન વિષયક તકરાર (છૂટાછેડા સિવાયના), જમીન સંપાદનના રેફરન્સ, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃત્તિ લાભોના કેસો, મહેસૂલ કેસો તેમજ ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમ અને વિશિષ્ટ પાલનના દાવા જેવા અન્ય દીવાની કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે.

વધુમાં, વડોદરા ટ્રાફિક પોલીસ અને સી.સી.ટી.વી. કંટ્રોલ રૂમ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ અપાતા ઈ-ચલણની રકમ પણ લોકો આ લોક અદાલતના માધ્યમથી ભરી શકશે.

શ્રાવણ માસમાં આસ્થાની મહેક

વડોદરામાં શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવાયું 'શીતળા સાતમ' પર્વ

પરિવારની સુખ-સમૃદ્ધિ અને બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે મહિલાઓ દ્વારા શીતળા માતાજીનું પૂજન-અર્ચન

(પ્રતિનિધી) વડોદરા, તા.19

શ્રાવણ માસના પવિત્ર તહેવારોની શ્રેણીમાં શીતળા સાતમનું મહત્વ વિશેષ છે. શ્રાવણ વદ સાતમને દિવસે ઉજવાતા આ તહેવારમાં શ્રદ્ધાળુઓ શીતળા માતાની પૂજા-અર્ચના કરીને પરિવારના સભ્યો, ખાસ કરીને બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે છે.

આ પર્વ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ શારીરિક શુદ્ધિ અને આરોગ્યપ્રદ જીવનશૈલીનો સંદેશ પણ આપે છે. ીતળા સાતમ નિમિત્તે વહેલી સવારથી જ શહેરના વિવિધ માતાજીના મંદિરોમાં મહિલાઓની ભીડ જોવા મળે છે. ભક્તો માતાજીને ઠંડું દૂધ, ફુલેર, કંકુ, ચોખા અને નાળિયેર અર્પણ કરી પૂજા કરે છે. આ તહેવારમાં માતા પાર્વતીના સ્વરૂપ એવા શીતળા માતાની પૂજા વિધિનું વિશેષ મહત્વ છે. લોકોની એવી માન્યતા છે કે આ વ્રત કરવાથી ચામડીના રોગોથી મુક્તિ મળે છે અને પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે. શીતળા સાતમના દિવસે ચૂલ્લો સળગાવવો વર્જિત માનવામાં આવે છે. આ પરંપરા મુજબ, આગલા દિવસે જ ભોજન તૈયાર કરી લેવામાં આવે છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરીંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)]
કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના અધિકૃત અધિકારી હોવાના નાતે સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓની રૂએ તારીખ 13-04-2026ની ડિમાન્ડ નોટિસ અન્વયે દેવાદાર, સહ-દેવાદાર અને જામીનદારો 1. પઢિયાર હિતેશકુમાર 2. પઢિયાર રતનબેન, 3. પઢિયાર પ્રવિણભાઈને તેમાં જણાવેલ રકમ રૂ. 7,38,629.23/- (રૂપિયા સાત લાખ આડત્રીસ હજાર છસો ઓગણત્રીસ અને ત્રેવીસ પૈસા ફક્ત) ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે જણાવાયું હતું.
દેવાદારો રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદર એક્ટની કલમ 13ની ઉપ-કલમ (4) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા તેમને મળેલ સત્તાઓની રૂએ 17 ઓગસ્ટ, 2026ના રોજ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડના રૂ. 7,38,629.23/- (રૂપિયા સાત લાખ આડત્રીસ હજાર છસો ઓગણત્રીસ અને ત્રેવીસ પૈસા ફક્ત) અને તેના પરના વ્યાજના ચાર્જના આધીન રહેશે.
સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ દેવાદારનું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

મોજે વીરજાઈ, કરજણ ખાતે આવેલ બિન-ખેતી વિષયક જમીનનો પ્લોટ, જેનો જુનો પ્રોપર્ટી નં. 67, ગ્રામ પંચાયત પ્રોપર્ટી નં. 683, ક્ષેત્રફળ 481 ચોરસ ફૂટ એટલે કે 44.68 ચોરસ મીટર છે, જે ગામઃ વીરજાઈ, રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ કરજણ અને ડિસ્ટ્રિક્ટ વડોદરા, ગુજરાત-391240માં આવેલ છે. જેની સીમાઓઃ પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ પઢિયાર ભીમંગભાઈ રણછોડભાઈનો વાડો, ઉત્તરઃ ખુલ્લો પ્લોટ, દક્ષિણઃ ખુલ્લો પ્લોટ.

તારીખઃ 17-08-2026
સ્થળઃ ગુજરાત
લોન એકાઉન્ટ નંબરઃ 147569162

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન)

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિ